# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-05-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

# HARSH SANGHVI BETHAK

ગૃહમંત્રાલયનાં નિર્દેશ મુજબ, નાગરિક સંરક્ષણ સજ્જતાનું મૂલ્યાંકન કરવા માટે રાજ્યના 14 જિલ્લામાં આવતીકાલે મોક ડ્રીલ યોજાશે. જેના સંદર્ભે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં સૂચિત એક્શન પ્લાનની આજે સમીક્ષા કરવામાં આવી. બેઠકમાં ગૃહ વિભાગનાં અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ , રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

ઉલ્લેખનીય છે કે આવતીકાલે વડોદરા, સુરત, તાપી, અમદાવાદ, જામનગર, દ્વારકા, પૂર્વ અને પશ્ચિમ કચ્છ, ભરૂચ, ગાંધીનગર, મહેસાણા, ભાવનગર, નર્મદા, નવસારી અને ડાંગમાં મોકડ્રીલ યોજાશે.

. . . . . . . . . . . . . .

# AMDAVAD ED RAID

કેન્દ્રીય તપાસ સંસ્થા- E.D.એ વકફ મિલકતોને ભાડે આપવાના કૌભાંડ મામલે આજે અમદાવાદમાં દરોડા પાડ્યા. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે, વકફ બૉર્ડની જગ્યા પર કબજો કરી ગેરકાયદેસર દબાણ કરનારા સલીમ જુમ્માખાન પઠાણના ઘર સહિત 8 થી વધુ સ્થળ પર E.D.એ દરોડા પાડ્યા. સલીમ પઠાણ સામે અગાઉ ગાયકવાડ હવેલી પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાઈ હતી. આ અંગે A.C.P. વાણી દૂધાતે વધુ માહિતી આપી.

(બાઈટઃ વાણી દૂધાત, A.C.P.)

. . . . . . . . . . . . . .

# VIJ JODAN

રાજ્ય સરકારે ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણ આપવાની નીતિના નિયમોમાં ત્રણ ફેરફાર કર્યા છે. ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું , આ નિર્ણય બાદ ગામતળની બહાર રહેતા પરિવારોને હવેથી છ કિલોવૉટ સુધીનું સિંગલ ફેઝ વીજ જોડાણ માત્ર ફિક્સ ચાર્જ ભરીને મળશે. આ ઉપરાત ગામતળની બહાર બિન-આદિવાસી વિસ્તારમાં હવેથી 10 મકાનમાં જૂથને પણ જ્યોતિગ્રામ ફિડરમાંથી વીજ જોડાણ અપાશે.

શ્રી દેસાઈએ ઉમેર્યું, ગામતળની બહાર આવેલા છૂટા-છવાયા મકાનોમાં વીજ જોડાણ આપવા સૌપ્રથમ ખેતી વિષયક હેતુ સિવાયની રહેણાક હેતુ માટે ઉપયોગ થતો હોય તેવી જમીન અને ખેતીવાડી વીજ જોડાણ ન ધરાવતી જમીનમાં સ્થળની ટેક્નિકલ ચકાસણી કરાશે, જેમાં ગામતળથી અંતર, હયાત ખેતીવાડી જોડાણ, વીજ લાઈન ક્રૉસિંગ, સલામતી, વીજચોરી જેવા વિવિધ માપદંડને ધ્યાને રાખી લાગુ પડતી વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરની મંજૂરી બાદ નોન A.G. ફિડર પરથી આવા રહેણાંક હેતુ માટેના વીજ જોડાણ કોઈ પણ લૉડ/ભારણની મર્યાદા વગર આપી શકાશે.

. . . . . . . . . . . . .

# WEATHER-RAIN

હવામાન વિભાગની આગાહીને પગલે ગત 24 કલાકમાં રાજ્યના 168 તાલુકામાં કમોસમી વરસાદ વરસ્યો. ખેડા જિલ્લાના કપડવંજમાં સૌથી વધુ દોઢ ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. જ્યારે ગાંધીનગરના માણસા અને ભાવનગરના શિહોરમાં પણ દોઢ ઇંચ જેટલો વરસાદ નોંધાયો . ઉપરાંત મહેસાણા , જોટાણા, કડી, તેમજ વડોદરા , ભાવનગર અને તાપી જિલ્લાના ડોલવણમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો.

આજે સવારે 6 થી 10 વાગ્યા સુધીમાં સુરત , અરવલ્લી, જામનગર અને રાજકોટના 7 તાલુકામાં કમોસમી વરસાદ વરસ્યો. વરસાદને પગલે વિવિધ કારણોસર રાજ્યમાં 14 લોકોના મોત થયા છે. સ્ટેટ ઇમરજન્સી સેન્ટરની સત્તાવાર યાદી મુજબ વીજળી પડવાથી 3 લોકોના મૃત્યુ થયા હતા જ્યારે અન્ય લોકોના મકાન અને વૃક્ષ ધરાશાયી થવાથી તેમજ કરંટ લાગવાથી મોત થયાના અહેવાલ છે.

રાજ્યમાં કમોસમી વરસાદને કારણે લોકોને નુકસાન થવા ઉપરાંત અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેડૂતોના ઉનાળુ પાકને નુકસાન થવા ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં વીજપુરવઠો ખોરવાયો હતો. જ્યારે વાવાઝોડાને કારણે ખેડા જિલ્લાના નડિયાદમાં રેલવે મથકથી RTO તરફનો માર્ગ વીજ પોલના વાયરો પડતા બંધ થયો હતો. તો મહીસાગર જિલ્લાના આસપુર ગામમાં મકાનની દિવાલ ધરાશાયી એક મહિલાને ઈજા પહોંચી હતી.

દરમિયાન કચ્છ જિલ્લાના રાપરના આડેસરમાં વીજળી પડતાં 4 પશુઓના મોત થયા હતા.

. . . . . . . . . . . . .

# FOOTBALL

છત્તીસગઢના નારાયણપુર ખાતે રમાઈ રહેલી સ્વામી વિવેકાનંદ અંડર 20 નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશીપમાં ગુજરાતે છત્તીસગઢ સામે 3-2થી વિજય મેળવ્યો હતો. ગુજરાતે તેની ચોથી અને અંતિમ લીગ મેચમાં વિજય હાંસલ કર્યો હતો. ભારતની 36 ટીમ વચ્ચે રમાઈ રહેલી ચેમ્પિયનશીપમાં ગુજરાતે ચારમાંથી ત્રણ મેચમાં જીત હાંસલ કરી છે..

. . . . . . . . . . . . . .

# MEHSANA KENDRA

મહેસાણાના વિસનગરમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- APMC ખાતે પ્રાકૃતિક વેચાણ કેન્દ્ર શરૂ કરાયું છે. આ કેન્દ્ર પર જંતુનાશક દવા વગરની વિવિધ શાકભાજી, કેરી ઘઉં તેમજ અન્ય વસ્તુઓનું વેચાણ શરૂ કરાયું છે . આ કેન્દ્રનો ઉદ્દેશ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને યોગ્ય વળતર મળે અને લોકોને રાસાયણિક ખાતર તેમજ જંતુનાશક દવાઓ વગરની વસ્તુઓ મળે તેવો છે.

. . . . . . . . . . . . . .

# IPL MUMBAI V/S GUJARAT

આઇપીએલ ક્રિકેટમાં , યજમાન મુંબઈ ઈન્ડિયન્સ વાનખેડે સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

ગઈકાલે દિલ્હી કેપિટલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચેની મેચ હૈદરાબાદમાં ભારે વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)